INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** તા. ૦૭-૦૨-૨૦૨૬

- **મહાત્મા ગાંધીની જન્મભૂમિ - કર્મભૂમિ ગુજરાતમાં 'હું નથુરામ ' નામ નું નાટકનો સખત શબ્દોમાં વિરોધ : ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા**
- **આઝાદ ભારતનો પ્રથમ આતંકવાદી મહાત્મા ગાંધીનો હત્યારો નથુરામ ગોડસે ક્યારેય નાયક ના હોઈ શકે. તે વિલન હતો, છે અને રહેશે : ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા**
- **કરોડો લોકોના દિલમાં મહાત્મા ગાંધી હિરો હતા, છે અને રહેવાના છે. : ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા**
- **મહાત્મા ગાંધીને ગોળી મારનાર ડરપોક ગોડસેને અંગ્રેજો સામે લડવાની હિંમત નોહતી : ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા**

રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે મહાત્મા ગાંધીની જન્મભૂમિ - કર્મભૂમિ ગુજરાતમાં રાજકોટના હોલમાં 'હું નથુરામ' નામનું નાટક ભજવવા જઈ રહ્યું છે તેનો સખત શબ્દોમાં વિરોધ કરું છું. આઝાદ ભારતના પ્રથમ આતંકવાદી નથુરામ ગોડસેનું મહિમામંડન કઈ રીતે સાંખી લેવામાં આવે ? ભૂતકાળમાં સુરત, વડોદરા અને ભાવનગરમાં નાટક ભજવાઈ ગયું કોની મંજૂરી થી તે સવાલ ઊભો થાય છે ? વિશ્વ વિભૂતિ ૭૮ વર્ષીય મહાત્મા ગાંધીજીને ત્રણ ત્રણ ગોળી ધરબી દેનાર ૩૮ વર્ષીય ડરપોક નથુરામ ગોડસેને ક્યારેય ભારતની આઝાદીની લડાઈમાં ભાગ લેવાની હિંમત નોહતી. ૩૮ વર્ષ સુધી જે વ્યક્તિએ ૨૦૦ વર્ષો વર્ષના અંગ્રેજોના અત્યાચાર સામે શબ્દ નથી ઉચાર્યો તેને ગાંધીજીની હત્યા કરી દીધી તે ભારતમાં નાયક કઈ રીતે હોઈ શકે? મહાત્મા ગાંધીજી ભારત દેશને અંગ્રેજોના અત્યાચારથી મુક્ત કરવા સવિનય કાનૂન ભંગ, અસહયોગ આંદોલન, અંગ્રેજો ભારત છોડો ક્વિટ ઈન્ડિયા આંદોલન, દાંડી માર્ચ, સ્વદેશ અપનાવો જેવી અનેક અહિંસક આંદોલનના માધ્યમથી અંગ્રેજોની બર્બર હુકુમત સામે લડવા દેશના લાખો, કરોડો લોકોને તૈયાર કર્યા હતા, શું તેના હત્યારાને હીરો ગણી શકાય ખરો ? સ્વરાજ, ગ્રામ સ્વરાજની ચેતના આપનાર સ્વનિર્ભર આત્મનિર્ભરના વિચારને ભારતમાં ચરિતાર્થ કરનાર ગાંધીને ગોળી મારી હત્યા કરનારના વિચારને ભારતમાં જગ્યા હોઈ ખરી? શું અસ્પૃશ્યતા દૂર કરવી, દેશમાં દરેક ભારતીય જાતિ, ધર્મ, પ્રાંત, ભાષાના ભેદ ભૂલી ભાઈચારાથી પ્રેમ અને એકતા સાથે રહે તેવું વાતાવરણ ઊભું કરવું તે ગાંધીજીના વાંક હતો ? મહાત્મા ગાંધીજી જેવા સંત વ્યક્તિ હત્યા કરનાર ક્યારેય નાયકના હોય શકે, ગોડસે વિલન હતો, છે અને રહશે. ભારત દેશમાં કરોડો ભારતીયોના દિલમાં અને વિશ્વમા શાંતિ અને અહિંસાના પક્ષધર લોકોના દિલમાં ગાંધીજી નાયક એટલે હીરો હતા, છે અને રહેશે.

મહાત્મા ગાંધીજી જેવું વ્યક્તિત્વ જેમની સમાધિ રાજઘાટ ઉપર વિશ્વના પ્રમુખ નેતાઓ ભારત આવે ત્યારે શીશ નમાવવા જાય અને ગાંધીજીના આશ્રમની ચોક્કસ મુલાકાત લેવાના આયોજન ઘડતા હોય તેવા વ્યક્તિત્વનું ભારતમાં અપમાન થાય તે યોગ્ય નથી. મહાત્મા ગાંધીજી જે એક એવી વિશ્વ વિભૂતિ જેમની પ્રતિમા વિશ્વના ૧૦૦ થી વધુમાં સ્થાપિત હોય તે ભારતના ગૌરવ સમાન છે. વિશ્વ ૧૦૦ થી વધુ દેશોએ મહાત્મા ગાંધીના સન્માનમાં સ્ટેમ્પ ઈશ્યૂ કર્યા છે. ૪૦ થી વધુ દેશોમાં મહાત્મા ગાંધીજીના નામે રોડ, મેમોરિયલ છે તે કઈ નાની વાત નથી. મહાત્મા ગાંધી થી માર્ટિન લુથર

જુનિયર, દલાઈ લામા, આલ્બર્ટ આઈન્સ્ટાઈન, નેલ્સન મંડેલા, સ્ટીવ જોબ્સ જેવા વિશ્વની પ્રતિભાઓ પ્રભાવિત હતા, તે ગાંધીજીના સત્ય અને અહિંસાના મૂલ્યો ઉપર સંપૂર્ણ વિશ્વાસ ધરાવતા હતા. મહાત્મા ગાંધીજીના વિચારો માત્ર અતીત, વર્તમાન અને ભવિષ્યમાં ચરિતાર્થ છે તેવા લોકનાયક ગાંધીજીના હત્યારા ગોડસેના નેરેટિવને જીવશું ત્યાં સુધી વિરોધ કરતા રહીશું. સરકાર દ્વારા ગોડસેના વિચારોને પ્રસ્તુત કરતા નાટકો ઉપર પ્રતિબંધ મૂકવા જોઈએ, ક્યારેક ગોડસેની ક્યાંક પ્રતિમા મુકાય કે મંદિર બનાવવાનો પ્રયાસ તે જાણે ભાજપ સરકારની મુક સંમત્તિથી થતું હોય તેવુ લાગે છે. ભારત વસુધૈવ કુટુંબકમ, શાંતિ અને ભાઈચારાની ભાવનામાં માને છે ત્યાં અલગાવવાદી, ભાગલાવાદી ગોડસેના વિચારો માટે ક્યાંય જગ્યા નથી.

(ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા)
પ્રવક્તા,
મો. 9898134146